Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# 'હિન્દ સ્વરાજ' એક અભ્યાસ

પ્રા.ડૉ.ચૌધરી સવિતાબેન રતુભાઈ
શ્રી ટી. એમ. શાહ મહિલા આર્ટસ કૉલેજ, ઈડર, ગુજરાતી વિભાગ

**'હિન્દ સ્વરાજ' વિશે ગાંધીજીના વિચારો....**"મારા આ નાનકડા પુસ્તક તરફ વિશાળ જનસંખ્યાનું ધ્યાન ખેંચાઈ રહ્યું છે એ ખરેખર મારું સદ્ભાગ્ય છે. તે પહેલવહેલું દક્ષિણ આફ્રિકામાં નીકળતા સાપ્તાહિક 'ઇન્ડિયન ઓપિનિયન' માં પ્રસિદ્ધ થયેલું. ૧૯૦૮માં લંડનથી દક્ષિણ આફ્રિકા પાછા ફરતાં આગબોટ પર હિન્દીઓના હિંસાવાદી સંપ્રદાયને અને દક્ષિણ આફ્રિકામાંનાં તેને મળતાં વિચાર ધરાવનાર વર્ગને જવાબરૂપે, તે લખાયું હતું. લંડનમાં વસતા એકેએક જાણીતા અરાજકતાવાદી હિંદીના પણ પ્રસંગમાં હું આવ્યો હતો. એમના શૂરાતનની છાપ મારા મન પર પડેલી, પણ મને લાગ્યું કે એમની ધગશે અવળી દિશા પકડી છે. મને લાગ્યું કે હિંસા એ હિંદુસ્તાનના દુ:ખોનો ઈલાજ નથી, અને તેની સંસ્કૃતિ જોતાં તેણે આત્મરક્ષાને સારૂં ભિન્ન અને ઉચ્ચત્તર પ્રકારનું કોઈ શસ્ત્ર વાપરવું જોઈએ. દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ તે વખતે હજુ માંડ બે વરસનું બાળક હતું. પણ તેનો વિકાસ એટલો થઇ ચૂક્યો હતો કે મેં એના વિશે અમુક અંશે આત્મવિશ્વાસથી લખવાની હામ ભીડી હતી. મારી એ લેખમાળા વાચકવર્ગને એટલી બધી ગમી કે તે પુસ્તકકારે પ્રસિદ્ધ કરવામાં આવી. તેનાં તરફ હિંદુસ્તાનમાં કંઈક ધ્યાન ખેંચાયું. મુંબઈ સરકારે એના પ્રચારની મનાઈ કરી. તેનો જવાબ મેં એનો અંગ્રેજી અનુવાદ કરીની વાળ્યો. મને થયું કે, મારા અંગ્રેજ મિત્રોને એ પુસ્તકના લખાણથી વાકેફ કરવા એ મારી તેમના પ્રત્યેની ફરજ છે. મારા અભિપ્રાય પ્રમાણે આ ચોપડી એવી છે જે બાળકના હાથમાં પણ મૂકી શકાય. તે દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે, હિંસાને સ્થાને આપભોગને મુકે છે, પશુબળની સામે ટકકર ઝીલવા આત્મબળને ખડું કરે છે.

આ પુસ્તકમાં 'આધુનિક સુધારા' ની સખત ઝાટકણી છે. તે ૧૯૦૮માં લખાયું હતું. મારી જે પ્રતીતિ એમાં પ્રગટ કરી છે તે આજે અગાઉના કરતાં વધારે દ્રઢ થયેલી છે. મને લાગે છે કે જો હિંદુસ્તાન 'આધુનિક સુધારા' નો ત્યાગ કરશે તો તેમ કરવાથી તેને લાભ જ થવાનો છે.

પણ હું વાચકને એક ચેતવણી આપવા ઈચ્છું છું. તે એમ ન માની બેસે કે આ પુસ્તકમાં જે સ્વરાજનો ચિતાર આપ્યો છે તેવા સ્વરાજની સ્થાપના માટે હું આજે પ્રયત્ન કરી રહ્યો છું. હું જાણું છું કે હિંદુસ્તાન હજુ એને માટે તૈયાર નથી. એમ કહેવામાં કદાચ ઉધ્ધાતાઈનો ભાસ થાય. પણ મારી એવી પાકી ખાતરી છે. એમાં જે સ્વ-રાજનું ચિત્ર આલેખેલું છે તેવું સ્વ-રાજ મેળવવાને હું વ્યક્તિગત રીતે પ્રયત્ન કરી રહ્યો છું ખરો. પણ આજે મારી સામુદાયિક પ્રવૃત્તિનું ધ્યેય હિન્દુસ્તાનની પ્રજાની ઈચ્છા પ્રમાણેનું પાર્લામેન્ટરી ઢબનું સ્વરાજ પ્રાપ્ત કરવાનું છે એ વિશે કશી શંકા નથી. હું રેલવે કે

ઈસ્પિતાલનો નાશ કરવાનું ધ્યેય નથી સેવતો, જોકે તેમનો કુદરતી રીતે નાશ થાય તો હું તેને અવશ્ય વધાવી લઉં. રેલવે અથવા ઇસ્પિતાલો બેમાંથી એકે ઊંચી ને વિશુદ્ધ સંસ્કૃતિની સૂચક નથી. બહુ બહુ તો એમ કહી શકાય કે એ અનિષ્ઠ તો છે પણ અપરિહાર્ય છે. બેમાંથી એકે રાષ્ટ્રની નૈતિક ઊંચાઈમાં એક તસુનો પણ ઉમેરો કરતી નથી. તેજ પ્રમાણે હું અદાલતોના કાયમના નાશનું ધ્યેય નથી સેવતો, જોકે એવું પરિણામ આવે તો મને બહુ ગમે ખરૂં. યંત્રો અને મિલોના નાશને માટે તો હું એથીયે ઓછો પ્રવાસ કરૂં છું. એને માટે, લોકોની આજે જે તૈયારી છે એના કરતાં ઘણાં વધારે સાદાઈ અને ત્યાગની જરૂર રહે છે.

આ પુસ્તકમાં આલેખેલા કાર્યક્રમના એકજ અંશનો અત્યારે અમલ થઇ રહ્યો છે, ને તે અહિંસાનો. પણ મને કબૂલ કરતાં ખેદ થાય છે કે એનો

અમલ પણ આ પુસ્તકમાં વર્ણવી છે એવી ભાવનાપૂર્વક નથી થતો. થતો હોય તો હિંદુસ્તાન એક દિવસમાં જ સ્વરાજ મેળવીને બેસી જાય. હિંદુસ્તાન જો પ્રેમના સિદ્ધાંતને તેનાં ધર્મના એક સક્રિય અંશરૂપે સ્વીકારે અને તેને પોતાના રાજકારણમાં દાખલ કરે, તો હિન્દુસ્તાનમાં સ્વરાજ સ્વર્ગમાંથી ઉતરીને આવે. પણ મને સખેદ ભાન છે કે એ ઘટના હજુ ઘણી દૂર છે.

આ વાક્યો હું લખું છું તેનું કારણ એ છે કે અત્યારની હિલચાલને નિંદવા માટે આ પુસ્તકમાંથી ઘણાં ઉતારા ટંકાતા મારા જોવામાં આવ્યા છે. મેં એવી મતલબના લખાણો પણ જોયાં છે કે હું ઊંડી બાજી ખેલી રહ્યો છું, અત્યારની ઉથલપાથલનો લાભ લઈને મારા ચિત્રવિચિત્ર ખ્યાલો હિંદને માથે લાદવા મથી રહ્યો છું. અને હિન્દુસ્તાનને ભોગે ધાર્મિક અખતરાઓ કરી રહ્યો છું. આનો જવાબ મારી પાસે એટલો જ છે કે સત્યાગ્રહ એવી કચીપોચી તકલાદી વસ્તુ નથી. એમાં કશી મનચોરી નથી. કશી ગુપ્તતા નથી. 'હિન્દ સ્વરાજ' માં વર્ણવેલા આખા જીવનસિધ્ધાંતનાં એક અંશને આચારમાં ઉતારવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે એમાં કશી શંકા નથી. એ સમગ્ર સિદ્ધાંતનો અમલ કરવામાં કશું જોખમ છે એમ નથી, પણ આજે દેશની સામે જે પ્રશ્ન છે તેની સાથે જેને કશી લેવાદેવા નથી એવા ફકરા મારાં લખાણોમાંથી ટાંકીને લોકોને ભડકાવવા એમાં તો ન્યાય નથી જ."

'આર્યન પાથ' માસિકે હમણાં જ 'હિન્દ સ્વરાજ' અંક પ્રસિદ્ધ કર્યો છે. એવો અંક કાઢવાની કલ્પના જેમ અપૂર્વ છે તેમ તેનાં રૂપ-રંગ પણ સુંદર છે. એની પ્રસિદ્ધિ શ્રીમતી વાડિયાનાં ભક્તિભાવભર્યા શ્રમને આભારી છે. તેમને ' હિન્દ સ્વરાજ'ની નકલો પરદેશમાં અનેક મિત્રોને મોકલેલી, ને તેમાં જે અગ્રેસર હતાં તેમને એ પુસ્તક વિશેના પોતાના વિચાર લખી જણાવવા કહેલું. શ્રીમતી વાડિયાએ પોતે તો એ પુસ્તક વિશે લેખો લખ્યા જ હતાં, અને એમાં ભારતવર્ષના ભવિષ્ય માટે ઉજ્જવળ આશા રહેલી છે એવા વિચાર પ્રગટ કરેલા. આ ખાસ અંકમાં અધ્યાપક સોડી, કૉલ, ડિલાઈલ બંર્સ, મિડલટન મરી, બેરેસફર્ડ, હ્યુ ફ્રેસેટ, ક્લોડ હટન, જીરાલ્ડ, કુમારી રેથબોન, વગેરે અનેક નામાંકિત લેખક-

લેખિકાઓનાં લેખો આવેલા છે. એમાંના કેટલાંક શાંતિવાદી ને સમાજવાદી તરીકે જાણીતાં છે.

**અધ્યાપક સોડી**એ લખ્યું છે કે તેઓ હિંદુસ્તાન આવીને ગયા હતાં, ને ત્યાં તેમણે એવું કંઈ ના જોયું જે બહારથી જોતાં એમ લાગે કે 'હિન્દ સ્વરાજ'માં દર્શાવેલા સિદ્ધાંતોને કંઈ ઝાઝી સફળતા મળી હોય.

**મિ. કોલ** કહે છે કે ગાંધીજી ' કેવળ વ્યક્તિગત દ્રષ્ટિએ વિચારતાં આવા સ્વરાજની નજીક માણસથી પહોંચાય એટલા પહોંચ્યા છે ખરા; પણ તે ઉપરાંત એક બીજો પ્રશ્ન રહે છે : મનુષ્ય મનુષ્ય વચ્ચેની જે ખાઈ છે, પોતે એકલા અમુક આચરણ કરવું અને બીજાઓને તેમની મતિ પ્રમાણે આચરવામાં મદદ કરવી, એ બેની વચ્ચે જે અંતર છે, તે કેમ પૂરી શકાય એનો. આ બીજી વસ્તુને અંગે બીજાઓની સાથે રહીને, તેમનામાંના એક બનીને, તેમની સાથે તાદાત્મ્ય સાધીને આચરણ કરવું પડે છે – 'એક જ વખતે પોતાનું અસલ વ્યક્તિત્વ અને બીજાનું ધારણ કરેલું વ્યક્તિત્વ' એમ બે રીતનાં વર્તન રાખવાં પડે છે. ગાંધીજીએ પોતાનાં આચરણની સાધના પરાકાષ્ઠાએ પહોંચાડી છે ખરી, પણ આ બીજા પ્રશ્નનો ઉકેલ તેઓ પોતાને સંતોષ થાય એવી રીતે લાવી શક્યા નથી'.

**જોન મિડલટન મરી** કહે છે તે પણ ખરું છે કે ' અહિંસાને માત્ર રાજનૈતિક દબાણના એક સાધન તરીકે વાપરવામાં આવે ત્યારે તેની શક્તિ જલ્દી ખૂટી જાય છે', - અને પછી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ' એવી અહિંસા સાચી અહિંસા કહી શકાય ખરી ?'

**ભવિષ્યના ગર્ભમાં દ્રષ્ટિ** :- 'હિન્દ સ્વરાજ' નો વિષય હતો ભારતને કેવું સ્વરાજ ખપે અને તે કેવી રીતે સિદ્ધ કરવું, અને પહેલી નજરે રાજકીય જણાતા એ વિષયની ચર્ચામાં ગાંધીજીએ માનવજીવન તથા સંસ્કૃતિ વિશે કેટલાંક મૂળભૂત પ્રશ્નો ઊભા કર્યા છે જે આજે પણ અનેક ચિંતકોને મૂંઝવી રહ્યા છે. ઓગણીસમી સદીના યુરોપમાં ઝડપથી વધી રહેલી ઔદ્યોગિક સમૃદ્ધિ વિસ્તરી રહેલું અક્ષરજ્ઞાન, અનેક રીતે ફેલાઈ રહેલું સાહિત્યસર્જન અને સર્વ પ્રજાઓમાં પ્રચાર તથા પ્રતિષ્ઠા પામી રહેલી લોકશાહીની ભાવના, આ સર્વ માનવજાતને કાળક્રમે ભૌતિક, બૌધ્ધિક ને નૈતિક ઉન્નતિને શિખરે પહોંચાડશે એવી શ્રધ્ધા વ્યાપક બની રહી હતી. અનવરત પ્રગતિની આ માન્યતાને પ્રથમ વિશ્વયુધ્ધે પહેલો આઘાત આપ્યો. એ યુદ્ધનાં અનિવાર્ય પરિણામ આવ્યાં નાઝીવાદ, ફાંસીવાદ ને સ્ટાલિનશાઈ સામ્યવાદના ઉદયમાં, અને એ ઘટનાઓએ અનેક ચિંતકો ને સાહિત્યકારોમાં ઔદ્યોગિક સમાજનાં નૈતિક અને સાંસ્કૃતિક પરિણામો વિશે ઊંડી શંકાઓ પ્રેરી. વિજ્ઞાનની શોધોએ માનવનાં હાથમાં અમર્યાદ ભૌતિક સત્તા મૂકી છે, પણ એ સત્તાનો સદ્દપયોગ કરવાની શક્તિનો એનામાં બિલકુલ વિકાસ થયો નથી એ હવે સ્પષ્ટ બની ચૂક્યું છે. 'હિન્દ સ્વરાજ' લખાયું ત્યારે ઔદ્યોગિક સંસ્કૃતિના આ પરિણામો ભવિષ્યના ગર્ભમાં હતાં અને એ સંસ્કૃતિ માણસજાત માટે એક ગંભીર સમસ્યારૂપ

બની જશે એની ભાગ્યે જ કોઈને કલ્પના હતી. કાર્લ માર્ક્સ જેવા ચિંતકોએ આધુનિક સમૃદ્ધિના પાયામાં રહેલી શોષણખોરીને જોઈ હતી તેઓ પણ માનવજીવનની અંતિમ ઉન્નતી માટે ઔદ્યોગિક વિકાસ ઉપર શ્રધ્ધા રાખતાં હતાં. ભારતનો સમગ્ર શિક્ષિતવર્ગ એ સંસ્કૃતિની બાહ્ય સિદ્ધિઓથી અંજાઈ ગયો હતો અને રાષ્ટ્રવાદીઓનાં મવાળ ને જહાલ બંને પક્ષોનો ઉદ્દેશ ભારતને આધુનિક ઔદ્યોગિક રાષ્ટ્ર બનાવવાનો અને દેશમાં ઈંગ્લેન્ડના જેવી લોકશાહી સ્થાપવાનો હતો.

'હિન્દ સ્વરાજ' ગાંધીજીના આંતરમંથનનો જવલંત અગ્નિ પ્રગટ કરનારું, તેમના વ્યક્તિત્વનો અપૂર્વ ઉન્મેશ દર્શાવતું પુસ્તક છે. " જ્યારે મારાથી નાં રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે." એમ તેમણે આ પુસ્તક વિશે કહ્યું છે તે સાચું છે. આમાં 'હિન્દ સ્વરાજ' નાં તમામ પ્રશ્નોને ચર્ચી વિચારીને દુનિયા સમક્ષ મૂકી છે. દેશભક્ત અને સંસ્કૃતિ ચિંતક ગાંધીજીનું ક્રાંતિકારક તત્વજ્ઞાન અહીં પ્રગટ થયેલું છે. સંવાદરૂપે લખાયેલું આ પુસ્તક ગાંધીજીનું નમૂનેદાર સાહિત્ય સર્જન છે.

**સંદર્ભ પુસ્તકો**

1. 'હિન્દ સ્વરાજ' – ગાંધીજી
2. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – ભાગ – ૪
3. ગુજરાતી સાહિત્યની વિકાસરેખા – ધીરુભાઈ ઠાકર